ઓઝરપાડામાં હલકી કક્ષાનું ભોજન પીરસવાના પ્રકરણમાં આચાર્ય હરકતમાં

વિદ્યાર્થિનીઓને હલકી કક્ષાના ભોજન મામલે એજન્સીને આચાર્યની નોટિસ

રસોડામાં સફાઈ રાખવા અને સ્વચ્છ શાકભાજી આપવા તાકીદ કરાઈ

। વલસાડ-ધરમપુર ।

ઓઝરપાડામાં નિવાસી શાળા, ધરમપુરમાં ધો.૬થી ૧૦ની ૩૦૦ વિદ્યાર્થીનીઓ તથા એ જ કેમ્પસમાં ચાલતી કપરાડા કરચોંડ શાળાની ધો.૬થી ૧૦ની ૨૯૮ મળી કુલ ૫૯૮ વિદ્યાર્થીનીઓને નાસ્તો અને ભોજન પુરૂ પાડવાનો કોન્ટ્રાક્ટ ધરાવતી મહેસાણાની ભવાની ટ્રેડીંગ કંપની નામની એજન્સી દ્વારા હલકી કક્ષાનું ભોજન અપાઈ રહ્યુ હોવાનું ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ તથા પ્રદેશ ભાજપ આદિજાતિ મંત્રી ગણેશ બિરારીની ઓચિંતી મુલાકાત દરમ્યાન બહાર આવ્યુ હતું. જે અંગેનો અહેવાલ સંદેશમાં પ્રસિધ્ધ થતાં જ, શાળાના આચાર્યાએ, રસોડામાં સફાઈ રાખવા તેમજ વિદ્યાર્થીનીઓને મેનુ પ્રમાણે સ્વચ્છ શાકભાજી સહિતનો ખોરાક આપવા માટે નોટીસ ફટકારી હતી.

સૂત્રના જણાવ્યાનુસાર, સરકારે ટેન્ડર બહાર પાડયા ત્યારે વિદ્યાર્થીની દીઠ ૫૫ રૂા.ની મર્યાદા નક્કી કરાઈ હતી. પરંતુ તમામ ટેન્ડરો ઉંચા ભાવના આવ્યા હતા. જે બાદ સરકારે ભોજન ખર્ચની મર્યાદા ૯૦ રૂપિયા કરી હતી. ભવાની ટ્રેડીંગ કંપની, મહેસાણાએ ૮૪ રૂા. ભર્યા હતા. જે નેગોશિએશન બાદ ૭૯ રૂા.ના ભાવે કોન્ટ્રાક્ટ મેળવ્યો હોવાનું જાણવા મળે છે.

નિર્ધારિત મેનુ મુજબ ખાવાનું અપાતું નથી

સંદેશની ટીમે ઓઝરપાડાની શાળામાં કરેલી તપાસમાં એજન્સી દ્વારા મેનુ મુજબની વાનગીઓ પીરસવામાં આવતી ન હોવાનું બહાર આવ્યુ છે. સરકારી ટેન્ડરમાં, વિદ્યાર્થીનીઓને સવારે નાસ્તામાં બ્રેડ-બટર, ફણગાવેલા મગ/ ચણા, બટાકા પૌઆ તથા દહીં, મેથી પરાઠા સાથે દહીં, વેજીટેબલ ઉપમા-ચટણી સાથે, ઇડલી સંભાર-ચટણી સાથે, બટાકા-પુરી, આલુ પરાઠા-દહીં સાથે અથવા ખમણ આપવાના છે. તેને બદલે એજન્સી દ્વારા હાલમાં નાસ્તામાં મસાલા ભાખરી, વઘારેલા ચણા, ખારી બિસ્કીટ, લસણિયા ગાંઠીયા, ટોસ્ટ, તળેલી તીખી પુરી અને થેપલા, જુદા-જુદા દિવસે આપવામાં આવી રહ્યાં છે. રાત્રે ભોજન બાદ દૂધ આપવાનું હોય છે તે પણ અપાતુ નથી. શાકભાજીમાં રોજેરોજ ૭૫ ટકા બટાકાનો ઉપયોગ કરાય છે.

પારડીમાં ગટરમાં ફસાયેલી ગાયને યુવાનોએ ઉગારી

વાપીઃ ઉમરસાડી દેસાઈવાડ ગામમાં મહાદેવ મંદિર સામે મંગળવારે રાત્રીએ એક ગાય ગટરમાં ફસાઈ ગઈ હતી. ઉમરસાડી દેસાઈવાડ ગામના રહેવાસી મનીષભાઈ દેસાઈએ ભૂપતભાઈ માહ્યાવંશીને મહાદેવ મંદિર સામે ગટરમાં ગાય ફસાઈ હોવાનો ફોન કરાતા ભૂપતભાઈ માહ્યાવંશી સાથે સ્મિત દેસાઈ, ઉપાધ્યાય પાર્થ દેસાઈ, હાર્દિક ઉપાધ્યાય વગેરે યુવાનો ઘટનાસ્થળે ધસી આવ્યા હતા અને ગટરમાં ફસાઇ ગયેલી ગાયને ગટરમાંથી બહાર કાઢી હતી. યુવાનોએ ગાયને એમ્બ્યુલન્સમાં બેસાડી પાંજરાપોળ મોકલી હતી.

શાળા પ્રવેશ અંગે રજૂઆત કરવા જતા કાર્યવાહી

દમણ યુથ એક્શન ફોર્સના પ્રમુખને પોલીસ સ્ટેશનમાં બેસાડી દેવાયા

। દમણ ।

દમણની માછી મહાજન અને સાર્વજનિક શાળાઓમાં બાળકોને એડમિશન નહીં મળતાં સ્કૂલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે શાળાઓમાં ક્લાસ વધારવા માટેની તૈયારી કરાઈ છે, જે માટે પ્રશાસનમાં રજૂઆત કરી હોવા છતાં હજી સુધી કોઈ જવાબ મળ્યો નથી. બીજી તરફ શાળા શરૂ થયાને એક મહિના કરતાં પણ વધુ સમય વીતી જવા છતાં બાળકોને શાળામાં પ્રવેશ ન મળતાં યુથ એક્શન ફોર્સ પ્રમુખ ઉમેશ પટેલે શિક્ષણ વિભાગ અધિકારી મણીલાલ પટેલને લેખિતમાં રજૂઆત કરી હતી. જે બાદ ઉમેશ પટેલે પ્રશાસનને રજૂઆત કરવા તૈયારી કરી હતી. પરંતુ કચેરીમાં પહોંચે તે પહેલાં જ ઉમેશ પટેલને ત્યાંથી લઇ જઇ દમણ પોલીસ સ્ટેશનમાં બેસાડી દેવામાં આવ્યા હતા. ઉમેશ પટેલે ઘટના અંગે જણાવ્યું હતું કે શાળાઓના ઓરડાઓ વધારવાની પરમિશન મળી નથી. તેથી છોકરાઓનું ભવિષ્ય ન બગડે તે માટે હું રજૂઆત કરવા ગયો હતો.

મોબાઈલ ફોન ટ્રેસ થતાં આરોપીઓનું લોકેશન યુપી નીકળ્યું

પટણા રવાના કરાયેલો લાખોના ઓઈલનો જથ્થો વગે કરનાર મહિલા સહિત બે ઝડપાયાં

। વાપી ।

મસાટેથી ગલ્ફ ઓઇલ કંપનીમાંથી બિહારના પટણા ઓઇલ ડીલેવરી આપવા નીકળેલી ટ્રકમાંથી ૩૨ લાખનું ઓઈલ વગે કરાયાની ફરિયાદમાં સેલવાસ પોલીસે વારાણસીથી એક મહિલા સહિત બે આરોપીને ઝડપી પાડ્યા હતા.

સેલવાસ પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ મસાટ સ્થિત ગલ્ફ ઓઇલ કંપનીમાંથી ટ્રક નંબર એમપી-૧૮-જીએ-૦૪૭૯ માં રૂા. ૩૨, ૨૪, ૧૧૯ ના મૂલ્યનું લુબ્રીકન્ટ ઓઇલનો જથ્થો ભરી ડ્રાઇવર મોહમદ ઈસ્માઇલ અબ્દુલ ખાલીદ નીકળ્યો હતો. તે આ ઓઇલનો જથ્થો પટના એના ગંતવ્ય સ્થાને ન પહોંચાડતા આ મામલે સેલવાસની કંપનીને જાણ કરાઈ હતી. ટ્રાન્સપોર્ટ કંપનીનાં એકાઉન્ટન્ટ નિરકુમાર ચીંતામણી શુકલાએ આ મામલે સેલવાસ પોલીસને ફરિયાદ કરતા ટ્રક ડ્રાઇવર ઈસ્માઈલ અબ્દુલ ખાલીક તથા ટ્રક માલિક મોહમદ રાજા અને બોકર સૌરભ અને અલ્પના સામે ગુનો નોંધાયો હતો. સેલ્વાસનાં પોસઈ છાયા ટંડેલ અને સ્ટાફે તપાસ હાથ ધરી હતી. ટેકનીકલ એનાલીસીસમાં આ આરોપીઓનું લોકેશન વારાણસી, આઝામગઢ ઉત્તરપ્રદેશ ટ્રેસ થતા તુરંત જ પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી. જે બાદ આરોપી અલ્પના અશોક સીંગ તથા સૌરભ અનીલ સીંગ (રહે. વીજાપુર જિ. આજમગઢ, ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી હતી. આરોપીને ઝડપી પાડવામાં આઝમગઢ કોતલવાલી પોલીસે સહયોગ આપ્યો હતો. પોલીસની ટીમ તે આરોપીઓને સેલવાસ લઈ આવી હતી અને તેઓ પાસેથી ૯૧૩ આર્ટીકલ ઓઇલ જથ્થો રીકવર કર્યો હતો.

બેંક ઓફ મહારાષ્ટ્ર
Bank of Maharashtra
(ભારત સરકારનો ઉદ્યમ)

કોલક શાખા માટે ભાડે / લીઝથી પરિસર જોઈએ છે

કોલક ગામ જિલ્લો વલસાડ ખાતે અંદાજે ૭૦૦ - ૯૦૦ ચો.ફૂટ કારપેટ એરિયા, ભોંયતળીયાનું પૂરતા પાર્કિંગ સાથેનું, ટાઈટલ ક્લિઅર, એપ્રુવ્ડ પ્લાન અને બી.યુ.પરમિશન સાથેનું તૈયાર મકાન ભાડે / લીઝથી જોઈએ છે. આ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૧૫ દિવસમાં જગ્યાના માલિકો પાસેથી ટેકનિકલ બિડ અને પ્રાઈસ બિડ જુદા જુદા બંધ કવરમાં આવકારવામાં આવે છે. અમારી વેબસાઈટ www.bankofmaharashtra.in પરથી ટેકનીકલ તથા કાઈનાન્સીયલ બીડનું ફોર્મેટ ડાઉનલોડ કરી શકાશે. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય કોઈપણ અથવા તમામ બિડ મંજૂર અથવા નામંજૂર કરવાનો અબાધિત અધિકાર બેંક પાસે રહેશે. રસ ધરાવતાં માલિકોએ તેઓની મહોરબંધ ઓફરો બે-ખોલી પધ્ધતિમાં ૧૫ દિવસની અંદર કામકાજના કલાક દરમ્યાન નીચેના સરનામે બિડ જમા કરાવવી. બેંક ઓફ મહારાષ્ટ્ર, ઝોનલ કાર્યાલય, માવલંકર હવેલી, વસંત ચોક, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧.

દલાલોએ તસ્દી લેવી નહીં

UNIMIN INDIA LIMITED
CIN : U25209DD1981PLC002490
Regd. Office : Village :- Kadaiya, Daman Industrial Estate
Nani Daman, 396 210

NOTICE

NOTICE is hereby given that the "Extra Ordinary General Meeting of the Company will be held on Tuesday the 14th day of August 2018 at Registered Office of the Company to transact the special business of appointment of the statutory auditor as contained in the notice convening the meeting. The notice accompanied by relative explanatory statement are being dispatched to the Shareholder at their registered address.

(* Kindly ignore the earlier notice published by the company in "Sandesh" Vapi-Valsad newspaper dt. 10.07.2018 and The Economic Times Ahmedabad dated 11.07.2018)

The registers of members and share transfer register of the company will remain closed from Friday the 10th day of August 2018 to Tuesday the 14th day August 2018 (both days inclusive) for the purpose of Extra Ordinary Meeting.

By Order of the Board
Sd/-
(Mrs. J.K. Bakshi)
Chairperson & Managing Director
DIN : 00256653

Date : 16/07/2018
Palce : Delhi

દબાણની ફરિયાદો મળતાં તંત્ર જાગ્યું

પારડીમાં જાહેર રસ્તા ઉપર બાંધકામ મટિરિયલ નાંખ્યું તો ૨૫૦૦નો દંડ

બિલ્ડરો પાસેથી દંડ વસૂલ કરાતા ફફડાટ

। વાપી ।

પારડી નગરપાલિકા દ્વારા જાહેર રસ્તા ઉપર બિલ્ડિંગ મટિરિયલ નાખનાર સામે દંડની જોગવાઈ કરાઈ છે. હવે કોઈ પણ બાંધકામ કરનાર જાહેર રસ્તા ઉપર બિલ્ડિંગ મટિરિયલ નાંખશે તો રૂપિયા ૨૫૦૦નો દંડ ભરવો પડશે. જાહેર રસ્તા ઉપર બેફામ બિલ્ડિંગ મટિરિયલ નાંખી અને રસ્તા ઉપર દબાણ કરી ટ્રાફિકને અડચણ થાય એ રીતે કાર્ય કરનાર સામે પાલિકાએ દંડનો કોરડો વિંઝવા તૈયારી કરી છે. અને તેની શરૂઆત પણ કરાવી દીધી છે. પાલિકાના ઉપપ્રમુખ બિપીનભાઈ પટેલને ફરિયાદ મળી હતી કે, પારડીમાં જાહેર રસ્તા જેવા કે રતન રાઈ સમિલ તરફ જતો રસ્તો, કચ્છી સોસાયટી તરફ જતો રસ્તો, પારડી બસસ્ટેન્ડ પાસે, હરીયા વાડ, દમણીઝાંપા કુંભારવાડ, પોસ્ટ-ઓફિસ પાસે વગેરે સ્થળે બિલ્ડરો દ્વારા થઈ રહેલા બાંધકામમાં જાહેર રસ્તા ઉપર મટિરિયલ નાંખી દઈ દબાણ કરાયું હતું. તેથી ઉપપ્રમુખ બિપીનભાઈ પટેલ પાલિકાના દબાણ વિભાગના કર્મચારીઓ સાથે સ્થળ પર પહોંચી અને પ્રત્યેક પાસેથી રૂપિયા ૨૫૦૦નો દંડ વસૂલ કરતા બિલ્ડર લોબીમાં ફફડાટ ફેલાયો હતો. માત્ર દંડ કરવો એટલું જ નહી પરંતુ જાહેર રસ્તા ઉપરનાં કરેલા દબાણને પણ તાત્કાલિક હટાવી દેવાની કાર્યવાહી કરાતા બેફામ મટિરિયલ નાંખનારાઓએ હવે ચેતવું પડશે તે નિશ્ચિત છે.

સરીગામ-માંડામાં રાત્રિએ પશુઓની તસ્કરી કરતી ટોળકી સક્રિય

। સરીગામ ।

સરીગામ-માંડા માર્ગ ઉપર રાત્રિના બે વાગ્યા અરસામાં ફોરવ્હિલ જેવા વાહનોમાં આવેલા કેટલાક ઈસમો દ્વારા બે ગાય-બળદોને બેભાન કરવાના ઈંજેક્શનો મારવામાં આવ્યા હતા. આ દરમિયાન આ માર્ગ પરથી વાહનો પસાર થતા આ તસ્કરી ટોળકીઓ બેભાન પશુઓને ઊંચકી જવાનું પડતું મૂકી ફરાર થઈ ગયા હતા. આવી ઘટના બનતા સવારે છ કલાકે ગ્રામજનોએ ભેગા થઈ સરીગામ-ભીલાડ હિંસા નિવારણ સંઘના પ્રમુખ અંકિત શાહને જાણ કરી હતી. જેથી અંકિત શાહે ઘટનાસ્થળે પહોંચી બેભાન ગાય અને બળદની પ્રાથમિક સારવાર શરૂ કરી હતી તેમજ મૂંગા પશુઓને વધુ સારવાર માટે ઉમરગામ તાલુકાના પશુચિકિત્સકને મોબાઈલ ફોન કર્યો હતો. જો કે, પશુચિકિત્સકે પ્રત્યુત્તર આપ્યો ન હતો. જેથી વલસાડ જિલ્લાના પશુપાલન શાખાના વિજય મહાજનનો સંપર્ક કરી સમગ્ર માહિતીથી તેઓને વાકેફ કરાયા હતા. જેને પગલે વાપીના પશુચિકિત્સક આ મૂંગા પશુઓની સારવાર માટે આવ્યા હતા.

સંદેશ પ્રેસનોટ પ્રસિદ્ધ કરવા સંપર્ક કરો
આપના વિસ્તારમાં યોજાતા ધાર્મિક, સામાજિક કે સંસ્થાકીય કાર્યક્રમો તેમજ શૈક્ષણિક ક્ષેત્રે મળતી સિધ્ધિઓ સંદેશમાં પ્રસિદ્ધ કરવા ફોટો અને માહિતી મોકલો.
9099031920 પર વોટ્સ એપ અથવા ઈમેઈલ કરો
Valsadvapi.pressnote@sandesh.com

ઈ-હરાજી ની વેચાણ નોટીસ
સાંકેતીક કબજાના આધારે
તારીખ અને સમય : તા. ૨૨/૦૮/૨૦૧૮, સવારે ૧૧ થી બપોરે ૦૧

એસ.એસ.આઈ. દમણ શાખા,
પહેલો માળ,સેન્ટર પોઈન્ટ બીલ્ડીંગ,
સોમનાથ સર્કલ, ડાભેલ, દમણ-૩૯૬૨૧૦.
ફોન ૦૨૬૦ : ૨૨૪૮૮૪૫, ૨૨૪૩૪૪૭, ફેક્ષ : ૨૨૪૨૬૬૯
ઈમેઈલ : ssidam@bankofbaroda.com

બૈંક ઑફ़ બડ़ૌદા
Bank of Baroda
India's International Bank

સુરક્ષિત કરેલ સ્થાયી/અસ્થાયી મિલકતનું સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (અહિં હવે પછી એક્ટ તરીકે વંચાશે) હેઠળ વેચાણ

આથી જાહેર જનતા અને દેવાદાર અને જામીનદારને ખાસ કરીને જણાવવાનું કે નીચે જણાવેલ બેંક ઓફ બરોડા ને મોર્ગેજ કરેલ મિલકતો કે જેનો બેંકના અધિકૃત અધિકારી દ્વારા કલમ ૧૩ (૪) ના એક્ટ હેઠળ સાંકેતીક કબજો મેળવેલ છે. જેની નીચે દર્શાવેલ વિગતે બેંકની બાકી રકમ, લાગુ પડતું વ્યાજ અને ખર્ચાની વસુલાત માટે ઈ-હરાજી દ્વારા વેચાણ કરવામાં આવશે.

નીચે દર્શાવેલ વિગતો સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) ના નિયમ ૯ હેઠળ (હવે પછી અહિ નિયમ વંચાશે) ''જેવી છે, જ્યાં છે ના ધોરણે અને /અથવા જે છે તેવું તે ના ધોરણે અને કોઈ રીસોર્સના આધાર વિના'' ઈ-હરાજીથી વેચવાની છે.

અ. નં.	શાખા	દેવાદાર / ડિમાન્ડ નોટીસ તારીખ	મિલકતના માલીક	મિલકતનું વર્ણન	મિલકતનો પ્રકાર	બાકી રકમ (રૂા. લાખમાં)	અનામત કિંમત (રૂા. લાખમાં)	ઈએમડી (રૂા.લાખમાં)	ઈએમડી ભરવાના ખાતાનો નંબર	IFSC કોડ	સંપર્ક અધિકારીનું નામ અને નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧	એસએસઆઈ દમણ	૨૮/૦૭/૨૦૧૭	શ્રી અશોકકુમાર ધનંજય શ્રીવાસ	ઈકવીટેબલ મોર્ગેજ કરેલ રહેણાંકનો ફ્લેટ નં. જી-૧, પહેલો માળ, આશરે ક્ષેત્રફળ ૧૧૦૦.૦૦ ચો. ફુટ સુપરબિલ્ટઅપ એરીયા, શ્રી અશોક ધનંજય શ્રીવાસ ના નામે રાજહંસ બિલ્ડીંગના પહેલા માળે આવેલ છે. જેનું બાંધકામ એન.એ. પ્લોટ નં. ૦૬-એ, આશરે ક્ષેત્રફળ ૧૬૭.૪૪ ચો.મીટરમાં સર્વે નં. ૪૪૭ ચલા, દમણ રોડ, વાપી ખાતે થયેલ છે.	રહેઠાણનો ફ્લેટ	૩૦૩.૦૧	૩૩.૦૦	૩.૩૦	૨૫૫૮૦૦૧૫૧૮૧૨૧૯	BARB0SSIDAM	શ્રી ચેવોલેકર એ. જી. (ચીફ મેનેજર) એસએસઆઈ દમણ શાખા મો.નં. ૯૬૮૬૮૦૭૬૫
૨	એસએસઆઈ દમણ	૨૮/૦૭/૨૦૧૭	શ્રી પ્રતાપ શ્યામજી ભાનુશાલી	ઈકવીટેબલ મોર્ગેજ કરેલ રહેણાંકનો ફ્લેટ નં. ૨૦૧, આશરે ક્ષેત્રફળ ૯૨૫.૦૦ ચો. ફુટ સુપરબિલ્ટઅપ એરીયા, શ્રી પ્રતાપ શ્યામજી ભાનુશાલી ના નામે ''ભાનુસરીતા કો.ઓ. હાઉસીંગ સોસાયટી'' બિલ્ડીંગના બી-વિંગમાં બીજા માળે આવેલ છે. જેનું બાંધકામ એન.એ. પ્લોટ નં. ૨૭૬/૧પી આશરે ક્ષેત્રફળ ૬૪૫૩.૨૨ ચો.મીટરમાં મોજે - ચાંદોદ, વાપી, વલસાડ ખાતે થયેલ છે.	રહેઠાણનો ફ્લેટ	૩૦૩.૦૧	૧૬.૭૦	૧.૬૭	૨૫૫૮૦૦૧૫૧૮૧૨૧૯	BARB0SSIDAM	શ્રી ચેવોલેકર એ. જી. (ચીફ મેનેજર) એસએસઆઈ દમણ શાખા મો.નં. ૯૬૮૬૮૦૭૬૫
૩	એસએસઆઈ દમણ	૨૮/૦૭/૨૦૧૭	શ્રીમતી પુષ્પાબેન પરસોત્તમ ભાનુશાલી	ઈકવીટેબલ મોર્ગેજ કરેલ રહેણાંકનો ફ્લેટ નં. સી-૧૦૫, આશરે ક્ષેત્રફળ ૧૨૫૦.૦૦ ચો. ફુટ સુપરબિલ્ટઅપ એરીયા, શ્રીમતી પુષ્પા પરસોત્તમ ભાનુશાલી ના નામે ''એવરેસ્ટ કો.ઓ. હાઉસીંગ સોસાયટી'' બિલ્ડીંગના સી-વિંગમાં પહેલા માળે આવેલ છે. જેનું બાંધકામ એન.એ. પ્લોટ નં. ૩૬૮-૩૬૯ આશરે ક્ષેત્રફળ ૩૩૪૪.૦૦ ચો.મીટરમાં વાપી નોટીફાઈડ ઈન્ડસ્ટ્રીયલ એરીયા રે.સર્વે નં. ૧૦૧/પી, ૧૦૨/પી, ગામ - છરવાડા ની હદમાં પારડી વલસાડ ખાતે થયેલ છે.	રહેઠાણનો ફ્લેટ	૩૦૩.૦૧	૪૦.૦૪	૪.૦૦	૨૫૫૮૦૦૧૫૧૮૧૨૧૯	BARB0SSIDAM	શ્રી ચેવોલેકર એ. જી. (ચીફ મેનેજર) એસએસઆઈ દમણ શાખા મો.નં. ૯૬૮૬૮૦૭૬૫
૪	એસએસઆઈ દમણ	૨૮/૦૭/૨૦૧૭	શ્રી સુરેન્દ્ર ગોંધાલી	ઈકવીટેબલ મોર્ગેજ કરેલ રહેણાંકનો ફ્લેટ નં. ૩૦૩, આશરે ક્ષેત્રફળ ૧૦૮૫.૦૦ ચો. ફુટ સુપરબિલ્ટઅપ એરીયા, શ્રી સુરેન્દ્ર ગોંધાલી ના નામે ''રોયલ એન્કલેવ કો.ઓ. હાઉસીંગ સોસાયટી'' બિલ્ડીંગના ત્રીજા માળે આવેલ છે. જેનું બાંધકામ એન.એ. જમીન નં. ૪૧૩/૧૩એ + ૪૧૪ પૈકી + ૪૧૫/૧એ પૈકી + ૪૧૩/૩ પૈકી + ૪૧૫/૨બી + ૪૧૬૧ ખાતે ચલા, પારડી, વલસાડ ખાતે થયેલ છે.	રહેઠાણનો ફ્લેટ	૩૦૩.૦૧	૨૬.૧૦	૨.૬૧	૨૫૫૮૦૦૧૫૧૮૧૨૧૯	BARB0SSIDAM	શ્રી ચેવોલેકર એ. જી. (ચીફ મેનેજર) એસએસઆઈ દમણ શાખા મો.નં. ૯૬૮૬૮૦૭૬૫
૫	એસએસઆઈ દમણ	૨૮/૦૭/૨૦૧૭	શ્રી જોસેફ અક્કારા	ઈકવીટેબલ મોર્ગેજ કરેલ રહેણાંકનો ફ્લેટ નં. ૩૦૧, આશરે ક્ષેત્રફળ ૧૬૪૦.૦૦ ચો. ફુટ, શ્રી જોસેફ અક્કારા ના નામે સીટી સર્વે નં.૧૩૫૬, રૂદ્રાક્ષ એપાર્ટમેન્ટ, કસ્ટમ રોડ, જનસેવા હોસ્પિટલની સામે, વાપી ખાતે આવેલ છે.	રહેઠાણનો ફ્લેટ	૩૦૩.૦૧	૨૬.૧૦	૨.૬૧	૨૫૫૮૦૦૧૫૧૮૧૨૧૯	BARB0SSIDAM	શ્રી ચેવોલેકર એ. જી. (ચીફ મેનેજર) એસએસઆઈ દમણ શાખા મો.નં. ૯૬૮૬૮૦૭૬૫

ઈ-હરાજીના નિયમો અને શરતો : વેચાણ નીચે દર્શાવેલ નિયમો અને શરતોને આધિન થશે. : ઉપર દર્શાવેલ સુરક્ષિત મિલકતોની હરાજી નું વેચાણ ઓનલાઈન ઈ-હરાજી / બીડીંગ વેબસાઈટ : https://www.bankeauctions.com ઉપર તા. ૨૨/૦૮/૨૦૧૮ સવારે ૧૧.૦૦ થી ૦૧.૦૦ દરમ્યાન થશે. ધ્યાન લેશો કે અહિ ઉપર દર્શાવેલ મિલકતોની સૂચિ અંગે સંપૂર્ણ કાળજી લેવામાં આવી છે. પરંતુ અધિકૃત અધિકારી આ ઘોષણામાં કોઈ પણ ભૂલ, ગેરનિવેદન કે કંઈ રહી ગયુ માટે જવાબદાર રહેશે નથી.

(૧) ઈચ્છુક બિડર્સને સલાહ આપવામાં આવે છે કે ઈ-હરાજીથી વેચાણ માટે બિડ ભરતા અને ઈ-હરાજીમાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો અને નિયમો https://www.bankeauctions.com પોર્ટલ દ્વારા જાણી લેવી અથવા અહિ દર્શાવેલ દરેક મિલકતની સામે જણાવેલ અધિકૃત અધીકારી નો સંપર્ક કરવો.

(૨) મિલકતો અનામત કિંમતથી નીચી કિંમતે વેચાશે નહીં. હરાજીની શરૂઆત આપેલ અનામત કિંમત માં એક ઈન્ક્રીમેન્ટથી કરવામાં આવશે. બિડરોને તેમને તેમની ઓફર અહિ દર્શાવેલ ઓછીમાં ઓછી બોલની રકમ રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના ગુણાંકમાં જ વધારવાની રહેશે.

(૩) રસ ધરાવતા બિડરોએ તેમની બીડ તા. ૨૧/૦૮/૨૦૧૮ ના સાંજે ૪.૦૦ કલાક સુધી અથવા પહેલા સબમીટ કરવા. ઈચ્છુક બીડરો ઈએમડી ની રકમ NEFT અથવા RTGS/ Fund Transfer / DD દ્વારા ઉપર દર્શાવેલ ઈએમડી કલેકશન એકાઉન્ટ માં તા. ૨૧/૦૮/૨૦૧૮ સુધીમાં ભરી દેવા. ઈચ્છુક બિડરો એ કે જેમણે ઈએમડીની રકમ તા. ૨૧/૦૮/૨૦૧૮ પહેલા જમા કરી છે તેમને નીચેના દસ્તાવેજો ઓફિસીયલ પોર્ટલ https://www.bankeauctions.com ની સંબંધીત કોલમ/વિભાગ માં તા. ૨૨/૦૮/૨૦૧૮ સુધી અપલોડ કરી શકે છે.

(અ) ઈએમડી જમા કરાવ્યાનો પુરાવો (બ) પોતે પ્રમાણીત કરેલ ફોટા સાથેનો રહેઠાણ અંગેનો ભારત સરકાર દ્વારા આપેલ ઓળખનો પુરાવો અને પાન કાર્ડ અપલોડ કરવાના રહેશે. મુળ દસ્તાવેજો અધિકૃત અધિકારી દ્વારા ચકાસણી માટે રજુ કરવાના રહેશે. (૬) ભાગ લેનાર બિડર્સનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ (૬) ઈએમડી પરત ચુકવણી માટે ભાગ લેનાર બિડર્સનો બેંક એકાઉન્ટની વિગત આપવાની રહેશે.

(૪) ઈચ્છુક બિડરોએ તેમના લોગઇન આઈડી અને પાસવર્ડ પોર્ટલ https://www.bankeauctions.com ઉપર બનાવી લેવાના રહેશે. જેમને લોગઈન આઈડી પાસવર્ડ, અપલોડીંગ ડેટા, બીડ સબમીટીંગ ઈ-બીડ પ્રોસેસની ટ્રેનીંગ માટે મદદની જરૂર હોય તેમને મેસર્સ સીવ ઈન્ડીયા પ્રા. લી., હેલ્પલાઈન નં. ૦૧૨૪-૪૩૦૨૦૨૦/૨૧/૨૨/૨૩/૨૪, શ્રી દિપક પાંડે મો. નં. ૦૯૯૧૩૩૬૯૬૯૭ / ૭૨૯૧૯૮૧૧૨૯, હેલ્પલાઈન ઈ-મેઈલ આઈડી support@bankeauctions.com અને કોઈપણ મિલકત બાબતે શાખા અધિકારી જે ઉપર દર્શાવેલ છે તેમનો સંપર્ક કરવો.

(૫) જે બિડરો પાસે માન્ય યુઝર આઈડી અને પાસવર્ડ તથા ઈએમડી જમા કરાવ્યાની ખાત્રી કરાવેલ હોય તે જ ઓનલાઈન ઈ-હરાજીમાં ભાગ લઈ શકશે. અધિકૃત અધિકારી કોઈ / બધી બોલીનો સ્વીકાર અથવા રદ કરવાનાં હક્ક અબાધીત રાખેલ છે. તે ઉપરાંત અધિકૃત અધિકારી આ હરાજી મોકૂફ રાખવાનો/રદ કરવાનો/ સ્થગીત કરવાનો / પડતુ મુકવાનો અથવા હરાજીની શરતોમાં ફેરફાર કરવાનો અધિકાર સુરક્ષિત રાખે છે અને એનો નિર્ણય આ મામલે આખરી ગણવામાં આવશે.

(૬) જો કોઈ કિસ્સામાં બીડ હરાજી બંધ થવાના છેલ્લી પાંચ મીનીટના સમયમાં આવે તો હરાજી બંધ થવાનો સમય આપો આપ ૫ મીનીટ લંબાશે.

(૭) જો કોઈ અન્ય બીડ પ્રોસેસ દરમ્યાન ન મળે તો જેમણે વધુમાં વધુ રકમ દર્શાવેલ હશે તેમણે સફળ ખરીદદાર જાહેર કરવામાં આવશે. સફળ બિડરે વેચાણની 25% રકમ તાત્કાલીક જમા કરાવવાની રહેશે. વેચાણ કિંમતના 25% ઈએમડી સાથે ગણવામાં આવશે. જો નિયત સમયમાં બાકીની રકમ ડિપોઝીટ કરવામાં કસુર થયે તો જમા કરેલ રકમ જપ્ત કરવામાં આવશે અને અધિકૃત અધિકારી ને તેમને મળેલ સેકશન ૧૩(૪) ના અધિકાર અન્વયે સંબંધીત મિલકતમાં કાર્યવાહી કરી શકશે.

(૮) વેચાણ કિંમતના માત્ર 25% રકમ ભરનાર સફળ બિડરને વેચાણ ની પુષ્ટી એમની તરફેણમાં આપવા માટે બેંક બંધાયેલ નથી. વેચાણ બેંક દ્વારા ખાત્રીને આધીન રહેશે.

(૯) આ ઉપરાંત અનુક્રમ નં. ૭ માં દર્શાવેલી રકમ જમા કર્યા પછી બાકીની રકમ વેચાણ નકકી થયાની તારીખથી ૧૫ દિવસની અંદર ભરી અધિકૃત અધિકારીને જાણ કરવી. જો સફળ બિડર વેચાણની બાકી રકમ નિયત સમયમાં ભરવામાં કસૂર થશે તો બિડરે જમા કરેલ રકમ જપ્ત થઈ જશે.

(૧૦ જો બેંકના લેણા તેના કિંમત, ચાર્જીસ તથા તેમણે થયેલ ખર્ચા અથવા તેનો કોઈ